ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૧૦.૧૧.૨૦૧૭

---

## “ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન”માં ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ જોડાશે

---

## કેન્દ્રીય મંત્રીશ્રીઓ શ્રી પ્રકાશ જાવડેકર, શ્રી સ્મૃતિ ઇરાની, શ્રી નિર્મલા સીતારામન, શ્રી જે. પી. નડ્ડા, તેમજ શ્રી રામવિલાસ પાસવાન જુદા-જુદા સ્થાનો પર હાજર રહેશે

---

ગુજરાત રાજ્યમાં ૭ થી ૧૨ નવેમ્બર ભાજપા દ્વારા હાથ ધરવામાં આવેલાં ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં રાષ્ટ્રીય નેતાઓ, ગુજરાત ભાજપાના અગ્રણીઓ જોડાશે, અને ઘરે ઘરે ગુજરાતના ગૌરવ અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો સંદેશ અને વિકાસ કાર્યોની પત્રિકા પહોંચાડશે. ગુજરાતની જનતા જનાર્દનના આશિર્વાદ મેળવશે.

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસારે ૧૧ નવેમ્બરના રોજ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન માટે ગુજરાત આવનારા રાષ્ટ્રીય નેતાઓ અને કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓના પ્રવાસ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે, ભારતના માનવ સંશાધન વિકાસ પ્રધાન શ્રી પ્રકાશ જાવડેકર રાજકોટ ખાતે, ભારતના રક્ષામંત્રી શ્રી નિર્મલા સીતારામન અમદાવાદ, ભારતના માહિતી અને પ્રસારણ મંત્રી તેમજ ટેક્ષટાઇલ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઇરાની નવસારી ખાતે મહાસંપર્ક અભિયાનમાં જોડાશે.

કેન્દ્રીય મંત્રી શ્રી જે. પી. નડ્ડાજી માણસા, શ્રી રામવિલાસ પાસવાન અમદાવાદ, શ્રી કૃષ્ણપાલ ગુર્જર આણંદ, શ્રી ક્રીષ્ણા રાજ રાજકોટ અને શ્રીમતી વીજય રાહતકર પાટણ, મહેસાણા, અમદાવાદ ખાતે ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જોડાશે.

ભાજપાના સંસદસભ્યો, ધારાસભ્યો અને કાર્યકરો સતત પાંચમા દિવસે આખાયે રાજ્યમાં **“ભારત માતા કી જય”** અને **“વંદે માતરમ”** ના નારા સાથે ઘરે ઘરે વિકાસની રાજનીતિનો સંદેશ પહોંચાડશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૧૦.૧૧.૨૦૧૭

-------------------

## કોળી સમાજના નેતા શ્રી રાજુભાઇ સોલંકી તેમના સમર્થકો સાથે ભાજપમાં પુન: જોડાયા

-------------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું હતુ કે, આજરોજ પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહજી પરમાર, સાંસદ અને પ્રદેશ મંત્રીશ્રી રાજેશભાઇ ચૂડાસમા, કોળી સમાજના પ્રમુખશ્રી કાળુભાઇ ડાભીની ઉપસ્થિતિમાં ભાવનગર સૌરાષ્ટ્રના પાયાના કાર્યકર્તા તેમજ શ્રી વીર માંધાતા કોળી સમાજ ભાવનગર જીલ્લાના પ્રમુખ અને કોળી સમાજના નેતા શ્રી રાજુભાઇ સોલંકી તેમના સમર્થકો સાથે ભાજપમાં પુન: જોડાયા હતા.

ચાર-પાંચ દિવસ પહેલા કોંગ્રેસમાં જોડાયેલા શ્રી રાજુભાઇ સોલંકીને કોંગ્રેસ દ્વારા સમાજના અગ્રણી સામે ચૂંટણી લડવા માટેનું ભારપૂર્વક દબાણ કરાઇ રહ્યું હતું, જેના કારણે સમાજના અગ્રણીઓ, વડીલો, યુવાનો સાથે સંવાદ કરીને શ્રી રાજુભાઇ સોલંકીએ મનોમંથન કરીને કોંગ્રેસ સાથે તેમનો છેડો ફાડ્યો હતો અને રાષ્ટ્રવાદ તેમજ વિકાસવાદને વરેલી ભાજપાનો ખેસ પુન: ધારણ કર્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૧૦.૧૧.૨૦૧૭

-----------------

**ભાજપાની નીતિ કિસાનહિતલક્ષી**

-----------------

**જનતાના તાત કિસાનની પ્રગતિ અને કૃષિ ઉત્પાદનમાં વધારો ભાજપાનું ધ્યેય**

-----------------

**૧૧૬ કેન્દ્રો પરથી ટેકાના ભાવે મગફળી તેમજ ૩૩ કેન્દ્રો પરથી કપાસની ખરીદી કરવામાં આવી રહી છે**

-----------------

**કોંગ્રેસ ખોટી આંકડાકીય માહિતી આપીને ખેડૂતોને ગેરમાર્ગે ન દોરે**

-----------------

**ભાજપા પત્રિકા સ્વરૂપે સત્ય હકીકત ઘર-ઘર સુધી પહોચાડી કોંગ્રેસના જુઠ્ઠાણાઓનું કરશે પર્દાફાશ**

-----------------

**કોંગ્રેસ અને નહેરૂ ગાંધી પરિવાર હંમેશા બિનસાંપ્રદાયિકતાનો આંચળો પહેરીને ફરે છે.**
**– શ્રી નીતિનભાઇ પટેલ**

-----------------

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ભાજપા મીડિયા સેન્ટર થલતેજ ખાતે પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતુ કે, ગુજરાત ભાજપા સરકારે ટેકાના ભાવે કપાસ અને મગફળીની ખરીદી શરૂ કરી દીધી છે. મગફળી માટે કુલ ૧૩૬ કેન્દ્રો પરથી ખરીદીનું આયોજન કરવામાં આવેલ છે તે અંતર્ગત ૧૧૬ કેન્દ્રો પર ખરીદીની પ્રક્રિયા ચાલુ છે અને ગઇકાલ સુધી ૨૯૮ કરોડ ૭૨ લાખ રૂપિયાની ખરીદી કરવામાં આવી છે. ૬ લાખ ૬૩ હજાર ૮૧ ટન મગફળીની ખરીદી કરવામાં આવી છે, કપાસ માટે ૩૩ કેન્દ્રો પરથી આશરે ૪૩ કરોડ રૂપિયા એમ, ૯૧૦૧ ટન કપાસની ખરીદી કરવામાં આવી છે. રાજ્ય સરકારે જાહેરાત કરી હતી કે જો કપાસના ટેકાના ભાજ બજારભાવ કરતા નીચા જશે તો રાજ્ય સરકાર ટેકાના ભાવે ખરીદી કરશે. રાજ્ય સરકારે હસ્તક્ષેપ કર્યો તેથી બજારભાવ તથા ખાનગી વેપારીઓ પણ રાજ્ય સરકારના ભાવે જ ખરીદી કરી રહ્યા છે અને માર્કેટ યાર્ડમાં પણ મોટા પ્રમાણ વેચાણ કરી રહ્યા છે. રાજ્ય સરકાર તરફથી બોનસ પણ જાહેર કરવામાં આવ્યું હતુ તેનો લાભ ખેડૂતો લઇ રહ્યા છે. ગુજરાત સરકારની આ પહેલથી ખેડૂતોની આવકમાં વધારો થયેલ છે. ખેડૂતોને લાભ અને સંતોષ મળે તે પ્રમાણેના બધા જ પ્રયત્નો ભાજપા કરી રહી છે.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતુ કે, કોંગ્રેસ સમાજ તેમજ ખેડૂતોને ખોટી આંકડાકિય માહિતી આપીને ગેરમાર્ગે દોરે છે ત્યારે, ભાજપા કોંગ્રેસના જુઠ્ઠાણાનો પર્દાફાશ કરી સત્ય હકીકત ઘર-ઘર સુધી પહોચે તે માટે સરકારી આંકડાકિય માહિતી પત્રિકા સ્વરૂપે વહેચશે અને દિશાહિન કોંગ્રેસમાં જુઠ્ઠાણાઓનો પર્દાફાશ કરશે.

શ્રી પટેલે પત્રકાર મિત્રો સમક્ષ કોંગ્રેસના શાસનમાં ૧૯૯૪-૯૫ ની પરિસ્થિતિ તેમજ ભાજપાના શાસનમાં હાલની કૃષિ ક્ષેત્ર, પશુપાલન તેમજ વિજ પેદાશ અને વિજ જોડાણ અંગેની માહિતી આપી હતી. તે પ્રમાણે કૃષિની વાર્ષિક આવક - ૭ હજાર કરોડથી વધીને ૧ લાખ ૩૬ હજાર કરોડ, કૃષિ યાંત્રિકીકરણ માટે ૯૪,૯૬૭ હેકટર લાભાર્થીઓને છેલ્લા ૬ વર્ષમાં ૪૫૫ કરોડની સહાય, પાકવિમા માટે દરવર્ષે સરેરાશ ૫૦૬ કરોડ રૂપિયાની સહાય, દેશમાં સર્વ પ્રથમ શરૂ કરાયેલ ખેડૂત અકસ્માત વિમા માટે ૧૩૭ કરોડની સહાય, પાક ધિરાણ માટે ૧૨,૧૦૫ કરોડ ફાળવ્યા હતા.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી પટેલે ગુજરાતમાં ભાજપાના શાસનમાં પશુપાલનમાં જે રીતે ઉન્નતિ થઇ છે તેની વિગતો આપતા જણાવ્યું હતુ કે, ભાજપાના શાસનમાં પશુધનની સંખ્યામાં ખુબ મોટો વધારો થયો છે. ૧૯૯૩માં પશુધનની સંખ્યા ૧.૯૭ કરોડ હતી જે ૨૦૧૨માં વધીને ૨.૭૧ કરોડ થઇ છે. ૧૯૯૪-૯૫માં પશુ-પક્ષીઓના રસીકરણમાં ૨૦૮.૧૫ લાખ હતી જે વધીને ૪૮૫.૭૦ કરોડ થઇ છે, અગાઉ ૪૪.૫૯ લાખ મેટ્રિક ટન વાર્ષિક દૂધ ઉત્પાદન હતું જે વધીને ૧૨૭.૮૪ લાખ મેટ્રિક ટન થયું છે. ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સંખ્યા ૯,૯૧૮ હતી જેમાં ૧૧૫.૧૩ ટકાનો વધારો થયો એટલે કે હાલમાં ૧૯,૭૮૮ થઇ છે. અગાઉ માથાદિઠ દૂધ ઉપલબ્ધતા ૨૮૦ ગ્રામ પ્રતિદિન હતી જ્યારે હાલમાં ૮૪.૬૪ ટકા વધારા સાથે ૫૧૭ ગ્રામ પ્રતિદિન થઇ છે. કોંગ્રેસના શાસનમાં પશુ આરોગ્ય માટે કોઇપણ આરોગ્ય કેન્દ્ર ન હતું ભાજપાના શાસનમાં વર્ષ દરમ્યાન ૪,૫૨૩ પશુમેળાનું આયોજન હાથ ધરીને પશુરોગનું નિદાન કરીને તેમને સારવાર આપવામાં આવે છે.

શ્રી પટેલે ખેતિવાડીમાં વપરાતી વિજળીની વપરાશ, જોડાણ વિશે માહિતી આપતા જણાવ્યું હતુ કે, કોંગ્રેસના શાસનમાં ઉર્જા વિભાગનું બજેટ માત્ર ૨૦૦ કરોડ હતુ જે ૪૦ ગણું વધીને ૮૧૦૦ કરોડ થયું છે. વાર્ષિક વિજ જોડાણ પહેલા ૧૭,૦૦૦ જેટલા અપાતા હતા જે ચાલુ વર્ષે ૧ લાખ ૨૫ હજાર જેટલા જોડાણ આપવામાં આવ્યા છે. પહેલા વિજળીમાં નિયમિતતા ન હતી જે અત્યારે અવિરત પણે ૨૪ કલાક મળી રહે છે. વિજ ઉત્પાદનની ક્ષમતા જે પહેલા કોંગ્રેસના શાસનમાં ૬૦૦૦ મેગોવોટ હતી જે અત્યારે ભાજપાના શાસનમાં ૨૫,૨૫૬ મેગાવોટ છે. ગુજરાત રાજ્ય ઉર્જા સરપ્લસ રાજ્ય છે. રૂપિયા ૪૬૩ કરોડની સહાય સોલરપંપ સેટ માટે આપવામાં આવેલ છે. ભાજપા સરકારે છેલ્લા ૧૬ વર્ષમાં કૃષિ માટેના વિજ જોડાણમાં વિજદરમાં કોઇ વધારો કર્યો નથી. કોંગ્રેસના શાસનમાં માત્ર ૬૫૬ કરોડની જ વિજબિલ સહાય અપાતી હતી જે આજે છેલ્લા ૩ વર્ષ ૧૪,૮૫૦ કરોડની સહાય અપાય છે. કોંગ્રેસના ૪૨ વર્ષના શાસનમાં કૃષિ વિષયક વિજજોડાણની સંખ્યા ૭ લાખ ૩૩ હજાર હતી તેની સામે ભાજપાના શાસનમાં છેલ્લા ૧૫ વર્ષમાં ૮ લાખ ૩૫ હજાર વિજજોડાણ આપવામાં આવ્યા છે.

આમ, સમગ્ર રીતે જોવા જઇએ તો ભાજપાએ ખેડૂતોની આવકમાં ધરખમ વધારો કરીને તેમનું જીવનધોરણ ઉંચું લાવવાનું કામ કર્યું છે. કૃષિ મહોત્સવ થકી, પશુ આરોગ્ય મેળાઓ થકી, ચેકડેમોના નિર્માણ થકી, તળાવો થકી, દરિયામાં વહી જતું પાણી રોકી ભાજપાએ ખેડૂતોને વહારે ઉભી રહી છે. ગુજરાતની ભાજપા સરકાર ગુજરાતની જનતા માટે - નાગરિકો માટે - ખેડૂતો માટે અબજો રૂપિયાનું બજેટ ફાળવીને હંમેશા ખેડૂતોને મહત્વ ભાજપા સરકારમાં મળ્યું છે.

પત્રકાર પરિષદમાં પુછાયેલા એક પ્રશ્નના જવાબમાં શ્રી નીતિન પટેલે કોંગ્રેસના રાહુલ ગાંધીને તેમના નાના જવાહરલાલ નેહરૂની દંભી બિનસાંપ્રદાયિકતાનો ખ્યાલ હોવો જોઇએ તેમ કહી જણાવ્યું હતું કે, ભાજપા ઋષિમુનિઓની સંસ્કૃતિને અનુસરે છે. રાષ્ટ્રધર્મ એ અમારો મૂળધર્મ છે. સોમનાથ મંદિરના જીર્ણોધારના પ્રસંગને ટાંકીને શ્રી પટેલે જણાવ્યું હતુ કે, કોંગ્રેસ અને નહેરૂ-ગાંધી પરિવાર હંમેશા બિનસાંપ્રદાયિકતાનો આંચળો પહેરીને ફરે છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ